# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેકસ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


**અખબારી યાદી** **03-0૭-૨૦૨૫**

આજ રોજ રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસવાર્તા સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ના પ્રવક્તા પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ ગુજરાત રાજ્ય ના આરોગ્ય વિભાગ માં ચાલતી ગેરરીતિ જેના લીધે નિર્દોષ નાગરિકો ના જીવ ગુમાવ્યા છે તેને પ્રેસ મિત્રો સમક્ષ ઉજાગર કર્યા છે. **કેગ ના રિપોર્ટ મુજબ IKDRC હોસ્પિટલ ૨૩૫૨ દર્દીઓ ઉપર સ્ટેમ સેલ થેરાપી નામ ના ક્લિનિકલ રિસર્ચ વગર મંજૂરી એ કરી દેવા માં આવ્યા છે. વર્ષ ૧૯૯૯ થી ૨૦૧૭ દરમિયાન સ્ટેમ સેલ થેરાપી હેઠળ ના ૭૪૧ દર્દીઓ જીવ ગુમાવ્યા છે. કેગ ના રિપોર્ટ અનુસાર ૯૧% કિસ્સા માં સ્ટેમ સેલ થેરાપી નિષ્ફળ ગઈ છે. કેગ અનુસાર ૨૩૫૨ દર્દીઓ પૈકી ૨૧૩૨ દર્દીઓ માં સ્ટેમ સેલ થેરાપી અસફળ રહી હતી. ૫૬૯ દર્દીઓ માં કીડની ટ્રાન્સપ્લાન્ટ નિષ્ફળ ગયા જ્યારે ૧૧૦ દર્દીઓ માં એવા કોમ્પ્લીકેશન ઊભા થયા જેથી કીડની ટ્રાન્સપ્લાન્ટ કરાવી શક્યા નહીં. કેગ રિપોર્ટ મુજબ NAC-SCRT ( National Apex Committee for Stem Cell Research and therapy) ના આદેશ થી ૨૦૧૭ માં સ્ટેમ સેલ થેરાપી માં બંધ કરવા માં આવી હતી. NAC SCRT મુજબ IKDRC દ્વારા IC SCRT ( Institutional committee for stem cell research and Therapy) ની પુર્વ મંજૂરી વગર ક્લિનિકલ ટ્રાયલ કરવા માં આવ્યા છે તેવું કેગ નું અવલોકન છે.**

વર્ષ ૨૦૧૩ પૂર્વ IKDRC હોસ્પિટલ માં પોતાની ઈન્સ્ટિટ્યુનલ એથિક્સ કમિટી હયાત નોહતી એટલે નિર્ણયો ઈન્સ્ટિટ્યુનલ ઇન્ટર્નલ રીવ્યુ બોર્ડ દ્વારા લેવા માં આવતા હતા. આ બોર્ડ ની IC SCRT અને NAC SCRT ની કોઈ પણ પ્રકાર ની પુર્વ મંજૂરી મેળવેલ નોહતી જ્યારે બોર્ડ એ સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનીસેશનમાં (CDSCO ) રજિસ્ટ્રેશન કરાવેલું નોહતું જે ફરિજયાત હતું. સ્ટેમ સેલ થેરાપી હેઠળ ના દર્દીઓ નું ૧૫ વર્ષ માટે રેકોર્ડ રાખવા ની રાષ્ટ્રીય ગાઈડ લાઈન હોવા છતાં ક્લિનિકલ ટ્રાયલ ના રેકોર્ડ ના પુરાવા રખાયા નથી. રેકોર્ડ ને ડિલીટ કરવા પાછળ કોઈ ષડયંત્ર હતું કે શું? જવાબદારી કોની? ગુજરાત રાજ્ય માં નિર્દોષ નાગરિકો પર વગર મંજૂરી એ અખતરા થાય અને નિર્દોષ લોકો જીવ ગુમાવે , સરકાર નો આરોગ્ય વિભાગ ની કોઈ જવાબદારી નહીં? નિર્દોષ દર્દીઓ ના જીવ માટે કોણ જવાબદાર ? કોના ઉપર પગલા લેવાશે? ગુજરાત રાજ્ય ના નાગરિકો દ્વારા વારંવાર ફરિયાદ થાય વિદેશી નાગરિક ને કીડની હોસ્પિટલ દ્વારા બારોબાર કીડની આપી દેવાય અને નિર્દોષ દર્દીઓ પર વગર મંજૂરી એ અખતરા થાય તે કેટલા અંશે યોગ્ય?

**National organ and Tissue Transplant organization (NOTTO) ના ડિરેક્ટરના ડોક્ટર અનીલકુમારે ૨ જુલાઈ ૨૦૨૫ ના રોજ ગુજરાત સરકાર ના આરોગ્ય વિભાગ ના એડિશનલ ડિરેક્ટર ને ઈમેઈલ દ્વારા આદેશ આપવામાં આવ્યો છે કે ૧૫ દિવસ માં બંને મુદ્દા કીડની વિદેશી નાગરિક ને બારોબાર આપવા અને વગર મંજૂરી એ સ્ટેમ સેલ થેરાપી ના ક્લિનિકલ ટ્રાયલ કરવા મુદ્દે એક્શન ટેકન રિપોર્ટ જમા કરાવવો.** ગુજરાત રાજ્ય આટલી મોટી ગંભીર ગુનાહિત બેદરકારી માટે કોંગ્રેસની કડક કાર્યવાહી કરવા માટેની માંગ છે.

| | |
|---|---|
| સ્ટેમ સેલ થેરાપીમાં નિષ્ફળ ગયેલ કુલ કેસ | ૨૧૩૨ |
| સ્ટેમ સેલ થેરાપીમાં જીવ ગુમાવેલ કુલ દર્દીઓ | ૭૪૧ |
| સ્ટેમ સેલ થેરાપીના કારણે કીડની ટ્રાન્સપ્લાન્ટ નિષ્ફળ ગયેલ કુલ દર્દીઓ | ૫૬૯ |
| સ્ટેમ સેલ થેરાપીના કારણે કીડની ટ્રાન્સપ્લાન્ટમાં ઉભા થયેલ કોમ્પ્લીકેશનના લીધે કીડ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં નિષ્ફળ ગયેલ કુલ દર્દીઓ | ૧૧૦ |
| સ્ટેમ સેલ થેરાપી હેઠળ ક્લિનિકલ રીસર્ચના કુલ દર્દીઓ | ૨૩૫૨ |


**( પાર્થીવરાજસિંહ કઠવાડીયા)**
**પ્રવક્તા**
**Mob : 9898134146**